4G 4G 21:42 112 KB/s ··· Vo)) 1 LTE2 4G 44



અમદાવાદ શહેર પોલીસ

શાહીબાગ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

ફોન નં.૦૭૯-૨૨૮૬૮૦૨૫

ઇ-મેલ-polstn-shaibhaug-ahd@gujarat.gov.in

# પ્રેસનોટ

## બારેજા વિસ્તારમાંથી એકટીવાની તથા રોકડ રૂ.૫૦,૦૦૦/- ની ચોરી કરનાર ઇસમને પકડતી **શાહીબાગ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુનહાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હાજર હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે "એક ઇસમ જેણે શરીરે આછા વાદળી કલરની ટી-શર્ટ તથા ગ્રે કલરનું પેન્ટ પહેરેલ છે.તેમજ દાઢી વધારેલ છે.તે ઇસમ ક્યાંકથી એક ગ્રે કલરનું એક્ટિવા ચોરી અગર છળકપટથી મેળવી અસારવા બ્રીજ થઈ પસાર થનાર છે." જેની વોચમાં હાજર રહી સદરી ઇસમ એકટીવા નં. GJ-27-BQ-1761 ની સાથે મળી આવતા એકટીવા પોતાની માલિકીનું હોવા અંગે કોઈ બીલ કે લખાણ કે આધાર પુરાવા અને આર.સી.બુક હોય તો રજુ કરવા જણાવતાં સદરી ઈસમ ગલ્લા તલ્લા કરવા લાગેલ અને કોઈ સંતોષકારક જવાબ આપેલ નહીં અને સદરી ઈસમની વધુ પુછપરછ કરતાં તેણે જણાવેલ કે ઉપરોક્ત બારેજા ખોડીયાર માતાના મંદીર આગળથી ચોરી કરેલ હોવાનું કબુલ કરતો હોય તેમજ એકટીવાની ડેકીમાંથી રોકડ રૂ.૫૦,૦૦૦/- મળી આવતા જે બાબતે તપાસ કરતા અસલાલી પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૨૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી મુદામાલ CRPC કલમ-૧૦૨ મુજબ પંચનામા વિગતે કબ્જે લઇ સદરી ઇસમને સી.આર.પી.સી. કલમ-૪૧(૧)(ડી) મુજબ આજરોજ તા.૧૯/૧૧/૨૦૧૯ ના કલાક:૨૧/૨૦ વાગે પકડી અટક કરી આગળની વધુ તપાસ ચાલું છે.

**આરોપીનું નામ :-** વિનોદભાઇ ઉર્ફે રાજા S/O પોમાજી જેતાજી જાતે-પ્રજાપતિ ઉ.વ.૩૫ ધંધો.છુટક મજુરી રહે-ગામ-ખંભાત ત્રણ દરવાજા ગોમતી કબીર સાહેબના મંદિરની બાજુમાં તા.જી.ખેડા હાલ રહે.તુલસી હોટલ, નારોલ, દાણીલીમડા,અમદાવાદ શહેર

**મુદામાલ :-** એક ગ્રે કલરનું એકટીવા જેનો RTO નં. GJ-27-BQ-1761 ની કિ.રૂ.૩૦,૦૦૦/- તથા ૫૦૦ ના દરની ૧૦૦ નોટો રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૮૦,૦૦૦/- ગણી શકાય તે.

**કામગીરી કરનાર અધિ./કર્મચારી:-** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ. વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.લાલજીભાઇ શિવરામભાઇ બ.નં.૮૯૭૨ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.પો.કો.રાજેશકુમાર અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ચેતન કાંતીલાલ બ.નં.૫૧૨૨ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮

